હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બાપા... આ વાદળા ગતીશીલ ગુજરાતનું બોર્ડ વાંચીને તો બારોબાર નથી જતા રહેતા ને...???

કલોલ તાલુકા વિકાસ અધિકારી સામાન્ય સભામાં ગેરહાજર રહેતાં નોટીસ ફટકારાશે

ગાંધીનગર, તા. ૩૦

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ગેરહાજર રહેવા માટે કલોલ તાલુકા વિકાસ અધિકારીને નોટીસ આપી ખુલાસો પુછવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં સભાનું કામકાજ શરૂ થતાં જ કારોબારીના ચેરમેન અરવિંદસિંહ સોલંકીએ આ હાજરીનો મુદ્દો છેડ્યો હતો. તેમણે જણાવ્યું કે ચાર તાલુકામાંથી કેટલા ટી.ડી.ઓ. આવ્યા છે. આ વખતે માણસા અને દહેગામના ટી.ડી.ઓ.એ ઉભા થઈ હાજરી પુરાવી હતી.

ગાંધીનગરના ટી.ડી.ઓ. તેમની મંજૂરી સાથે ભારત સરકારના આવેલા અનુ. જાતિના આયોગની બેઠકમાં ગયાનું જિલ્લા વિકાસ અધિકારી જયશ્રીબેન દેવાંગને જણાવ્યું હતું. તેમણે કહ્યું કે કલેક્ટરની સૂચનાને પગલે મેં મંજૂરી આપી હતી. આ વાતનો પ્રોસીડીંગમાં ઉલ્લેખ કરવાનો આગ્રહ અરવિંદસિંહે કર્યો હતો. જ્યારે કલોલના ટી.ડી.ઓ.ની ગેરહાજરી અંગે ગંભીર નોંધ લઈ નોટીસ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

તાલુકા વિકાસ અધિકારીઓ સામાન્ય શિષ્ટાચાર જાળવણીમાં પણ બેદરકાર હોવાની ટિપ્પણી કરતા પંચાયત પ્રમુખ

પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે પણ તાલુકા વિકાસ અધિકારીઓના વર્તન, વ્યવહાર અંગે ગંભીર ટિપ્પણીઓ કરી હતી. તેમણે કહ્યું કે કલોલમાં મહિલા આયોગના ચેરમેન અને અમારી હાજરીમાં યોજાયેલ કાર્યક્રમમાં પણ તાલુકા વિકાસ અધિકારી ગેરહાજર હતા જે સામાન્ય પ્રોટોકોલ (શિષ્ટાચાર)નો પણ ભંગ છે. તેમણે જ્યારે પણ બેઠકો યોજવામાં આવે છે ત્યારે તાલુકા વિકાસ અધિકારીઓ હાજર રહેવાનું ટાળી અને પ્રતિનિધિઓ મોકલી આપે છે જે યોગ્ય નથી.

અરવિંદસિંહ સોલંકીએ પણ તાલુકા વિકાસ અધિકારીઓ સામાન્ય શિષ્ટાચાર દાખવી શકતા નથી તે દુઃખદ છે. સામાન્ય સભા માટે ૧૫ દિવસ પહેલાં જાણ કરવામાં આવે છે પરંતુ યેનકેન પ્રકારેણ તેઓ ગેરહાજર રહેતા હોય છે તે સાંખી લેવાય નહિ. આવા અધિકારીઓને નોટીસ આપો અને કાર્યવાહી નોંધમાં પણ ઉલ્લેખ કરવામાં આવે.

ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભાને અંતે ભાજપ-કોંગ્રેસના સભ્યોએ સમૂહ ભોજન લીધુ હતુ જેમાં લાડુ અને શ્રીખંડ પીરસવામાં આવ્યા હતા.

● જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં કૃષિ ઉત્પાદન અને સહકાર સમિતિના ચેરમેન રાજીબેન રાઠોડ મોડા પડતાં તેમના નામના બોર્ડ સાથે ખુરશી મેળવવા મહેનત કરવી પડી હતી.

● જિલ્લા પંચાયતની સામાન્ય સભા ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી જયશ્રીબેન દેવાંગનની અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી અજય પટેલની આજે પ્રથમ બેઠક હતી. યોગાનુયોગ એવો છે કે બન્ને ડી.આર.ડી.એ.માંથી આવી રહ્યા છે. અજય પટેલ તા.વિ.અ. તરીકે પ્રાંતિજ હતા પણ અગાઉ ડી.આઈ.ડી.એ.માં હતા.

● જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં રાજ્ય સભાના સાંસદ પ્રવિણ રાષ્ટ્રપાલના અવસાન અંગે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

● આજે ૩૦મી જૂન હોવાથી જિલ્લાના અડધો ડઝન કરતાં વધુ અધિકારીઓ વય મર્યાદાને લઈ નિવૃત્ત થતાં તેમને કર્મચારીઓએ ભાવભરી વિદાય આપી હતી.

● જિલ્લા પંચાયતની પાનસર બેઠકની પેટા ચૂંટણીને લઈ આજે કોંગ્રેસના નેતાઓની કલોલ ખાતે બેઠક મળી હતી.

● શહેર ભાજપની કારોબારી ઉજીએ રવિવારે સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે મળશે.

વયમર્યાદાને લઈ આજે શહેર-જિલ્લામાં ૧૦૦થી વધુ કર્મચારીઓ નિવૃત્ત થયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આવેલી જુદી જુદી સરકારી કચેરીઓમાંથી આજે ૧૦૦થી વધુ કર્મચારીઓ વય મર્યાદાને લઈ નિવૃત્ત થયા છે.

સચિવાલય સંકુલમાંથી જ ૭૦થી વધુ કર્મચારીઓ આજે વયમર્યાદાને લઈ નિવૃત્ત થયા છે. તો જિલ્લા પંચાયત, કલેક્ટર કચેરી, આરોગ્ય વિભાગ અને માર્ગ-મકાન વિભાગ તેમજ અન્ય કચેરીઓમાંથી ૩૦થી વધુ કર્મચારીઓ વયમર્યાદાને લઈ નિવૃત્ત થયા છે.

આજે વયમર્યાદાને લઈ નિવૃત્ત થનારા કર્મચારીઓની સંખ્યા રાજ્યમાં સાત હજાર જેટલી થવા જાય છે. વયમર્યાદાને લઈ નિવૃત્ત થતા કર્મચારીઓની સૌથી વધુ અસર પંચાયત સેવા પર પડી છે તેમજ સચિવાલયમાં પણ પડી છે. આ ઉપરાંત મહેસુલી અધિકારીઓની સંખ્યા મોટી છે.

ગાંધીનગર શહેરમાં જ હવે નિવૃત્ત કર્મચારીઓની સંખ્યા ૧૨ હજારના આંકને પાર કરી ગઈ છે. આજે વર્ગ-૧થી ૪ના કર્મચારીઓ વયમર્યાદામાં નિવૃત્ત થતાં વહીવટીતંત્ર ખોખલુ થઈ જવા પામ્યુ છે. તેમજ કચેરીઓમાં હવે પુનઃ નિયુક્તી અને કોન્ટ્રેક્ટ આધારિત કર્મચારીઓ તેમજ ફિક્સ પગારના કર્મચારીઓની સંખ્યા વધવા પામી છે. આજે ૧૦૦થી વધુ કર્મચારીઓ વયમર્યાદાને લઈ નિવૃત્ત થતાં વિદાય સમારોહમાં આખો દિવસ કર્મચારીઓ અને અધિકારીઓ વ્યક્ત રહ્યા હતા. આ વર્ષના અંત સુધીમાં મોટાભાગના જુના અનુભવી કર્મચારીઓ નિવૃત્ત થતાં વહીવટીતંત્રને તેની ભારે ખોટ પડશે.

સર્વશિક્ષા માટે ભંડોળ પુરૂ પાડવા કેન્દ્ર સમક્ષ રજુઆત

આજે નવી દિલ્હી ખાતે ગુજરાતના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, વસુબેન ત્રિવેદી અને નાનુભાઈ વાનાણીએ કેન્દ્રીય માનવ સંસાધન મંત્રી સ્મૃતિ ઈરાનીની મુલાકાત લીધી હતી અને તેમને સર્વશિક્ષા અભિયાન હેઠળનું રૂ. ૫૮૪.૬૩ કરોડનું ભંડોળ પુરુ પાડવા અંગે ચર્ચા કરી હતી. ગુજરાતના મંત્રીઓ આજે દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે કેન્દ્રીય માનવ સંસાધન મંત્રી સ્મૃતિ ઈરાનીદ્વારા ટીચર એજ્યુકેશન પોર્ટલના લોન્ચીંગમાં ઉપસ્થિત રહ્યા હતા.

બોર્ડ નમ્યા : શહેરના રાજમાર્ગ ચ-માર્ગ પર સાઈન બોર્ડ નમી જતાં બહારના મુલાકાતીઓ માટે નાની-મોટી સમસ્યાઓ સર્જાય છે. ચોમાસાની મોસમમાં વારંવાર બોર્ડ નમવાની ઘટનાઓ સર્જાતી હોય છે. ખાસ કરીને બહારના મુલાકાતીઓ ચ-માર્ગ અને ઘ-માર્ગ પરથી પસાર થતાં હોય છે ત્યારે તંત્રની સંતર્કતા અનિવાર્ય લાગે છે.

શૈક્ષણિક સંકુલોની આસપાસ 'રોમિયોગીરી'નો ત્રાસ વધ્યો...!!!

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરની જાણીતી શૈક્ષણિક સંસ્થાઓના સંકુલ બહાર ફરી એકવાર લુખ્ખા તત્વોનો ત્રાસ વધી રહ્યો છે. ખાસ કરીને ગર્લ્સ સ્કૂલ કે મહિલા કોલેજ સંકુલોની આસપાસ નબીરાઓ મોંઘા બાઈકો લઈ 'રોલા' પાડવાના ચક્કરમાં સવારથી અડિંગો જમાવે છે. અને શાળા-કોલેજ છુટવાના સમયે બાઈક પર સ્ટંટ કરતા જોખમી ડ્રાઈવીંગ કરી ભયનો માહોલ પેદા કરે છે. બે દિવસ પહેલા જ ગાંધીનગરમાં એક જાણીતા શૈક્ષણિક સંકુલ બહાર આ રીતે સ્ટંટ કરવા જતા સ્લીપ ખાઈ પડી ગયેલા એક લુખ્ખાને જોઈ કેટલાક રાહદારીઓ હસી પડ્યા તો પેલા મહાશયે બે થી ત્રણ વ્યક્તિ સાથે મારામારી સુધીનો ઝઘડો કરી દીધો હતો.

મોંઘી બાઈકો પર સ્ટંટ કરી ભયનો માહોલ ઉભો કરતા લુખ્ખા તત્વો પર અંકુશ જરૂરી : પોલીસનો ડર ના હોય તેમ વિદ્યાર્થીઓને ધમકાવતા ફરે છે : નાની નાની બાબતોમાં મારામારી સુધી પહોંચી જાય છે

લગભગ દર વર્ષે જ્યારે નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થાય છે ત્યારે ત્યારે શહેરના લગભગ તમામ જાણીતા શૈક્ષણિક સંકુલોની આસપાસ રોડ રોમિયોગીરીની પ્રવૃત્તિમાં વધારો થયેલો જોવા મળે છે. એમાં પણ જ્યાં ગર્લ્સ સ્કૂલ કે મહિલા કોલેજ જેવી સંસ્થાઓ હોય ત્યાં આવા તત્વોનું પ્રમાણ વધુ જોવા મળે છે. પોલીસનો જાણે કોઈ ડર જ ના હોય તેમ આવા તત્વો વિદ્યાર્થીઓને ધમકાવતા ફરે છે અને મોંઘી બાઈક, ચશ્મા અને હાથમાં સિગારેટ, મસાલા વગેરેથી 'વટ' પાડવાની ફિરાકમાં હોય છે.

તાજેતરમાં આવાજ એક કિસ્સામાં એક સંસ્થા છુટવાના સમયે એક રોમનિયોએ તેની બાઈક પર જોખમી સ્ટંટ કરતા સ્લીપ ખાઈને પડી ગયો હતો. આ મહાશયને શરીરે ઈજા થઈ હોવા છતાં તેના પડી જવાથી આસપાસમાં હસી પડેલા રાહદારીઓ સાથે ઝપાઝપી સુધીનો ઝઘડો કરવા લાગ્યો હતો. વળી, આવા તત્વો ખુલ્લેઆમ એવી ધમકીઓ ઉચ્ચારતા હોય છે કે જાણે તેમને પોલીસ કે તંત્રની કોઈ બીક જ ના હોય. સત્વરે શહેરની શૈક્ષણિક સંસ્થાઓ આસપાસ મંડારાતા આવા ભ્રમણવૃત્તિના લુખ્ખા તત્વો પર કાબુ મેળવી તેમને યોગ્ય પદાર્થ પાઠ ભણાવવો જોઈએ જેથી તેમને પોલીસનો ડર રહે અને વિદ્યાર્થીઓને કનડે નહી તેવી શહેરના વાલીગણમાં ઉગ્ર માંગ ઉઠવા પામી રહી છે.

મોટા ચિલોડા ખાતે 'બેટી બચાવો... બેટી પઢાઓ' રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા બાળ સુરક્ષા એકમના સંયુક્ત ઉપક્રમે બાળકોના અધિકારો સુરક્ષા અને બાળ લગ્ન, બાળ મજુરી, બાળ જાતિય શોષણ, સ્ત્રીભૃણ હત્યા તથા બેટી-બચાવો, બેટી પઢાવો અંગે જાગૃતતા કેળવવા કાનૂની કાર્ય શિબિર અને મૌન રેલીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામે પ્રાથમિક શાળાના પ્રાંગણમાં ગામના સરપંચ સવાજી ઠાકોરના અધ્યક્ષ સ્થાને શિબિર યોજાઈ હતી. શિબિરમાં અતિથિ વિશેષ તરીકે જિલ્લા બાળ સુરક્ષા અધિકારી સંજય પટેલ બાળ મજુરી નાબુદી બાળકોના વ્યાપક અધિકારો, સરકારી કલ્યાણકારી યોજના અંગે માર્ગદર્શન આપ્યું હતું. જયારે પેરાલીગલ વોલન્ટીયર્સ સુધિર દેસાઈ એ રાઈટ ટુ એજ્યુકેશન અંગે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ત્યારબાદ જયરામભાઈ સોનીએ બાળ અધિકારો, બેટી બચાવો -બેટી પઢાવોનું વિશેષ મહત્વ સમજાવ્યું હતું. પી.એલ.વી. સીતારામભાઈ પટેલ બાળકોને ધર્મ અને કાયદો વિશે સમજણ આપી હતી. આ કાર્ય શિબિરમાં પીએલવી નટુભાઈ પટેલ, વિજયભાઈ પરમાર, ચેરમેન જૈમિન પટેલ, જયંતિભાઈ પટેલ, એસએમસીના અધ્યક્ષ તખતસિંહ ઠાકોર તથા આશાવર્કર બહેનો, ગામના આગેવાન ભાઈ-બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. બાળમજુરી નાબુદીની રેલીમાં ગ્રામજનો ઉપસ્થિત રહી ઉત્સાહપૂર્વક કાર્યક્રમને પ્રોત્સાહન પુરુ પાડયુ હતું.

એન્જિનિયરિંગ : ૩૦ હજારથી વધુ બેઠકો ખાલી રહે તેવી વકી

અમદાવાદ,તા. ૩૦

ગુજરાતભરમાં આ વખતે પણ એન્જિનિયરિંગને લઈને વિદ્યાર્થીઓ વધારે ઉત્સુક દેખાઈ રહ્યા નથી. પ્રાપ્ત અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૬-૧૭માં ૩૦૦૦૦થી પણ વધુ સીટો કુલ સીટોની સામે ખાલી રહી જાય તેમ માનવામાં આવે છે. ઘટાડાનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. આજે ગુજરાતમાં ૧૬૦૦૦થી વધુ એન્જિનિયર ગ્રેજ્યુએટ એવા છે જે લોકો નોકરીની શોધમાં છે અને તેમને નોકરી મળી રહી નથી. આવી સ્થિતિમાં એન્જિનિયરિંગને લઈને ઉત્સાહ ઘટી રહ્યો છે. એમ્પ્લોઈમેન્ટ બ્યુરોમાં પણ એન્જિનિયરો નામ નોધાઈ ચુક્યા છે. આ પ્રકારના પ્રવાહના પરિણામ સ્વરુપે એન્જિનિયરિંગને લઈને સીટોની સામે વિદ્યાર્થીઓ ઘટી રહ્યા છે. આ વખતે રાજ્યની કોલેજોમાં ૩૦૦૦૦થી વધારે એન્જિનિયરિંગ સીટો ખાલી રહી જાય તેમ માનવામાં આવે છે.

ગાંધીનગર સિવિલમાં નજીકના ભવિષ્યમાં નર્સિંગ સ્ટાફની ભરતી થશે

ગાંધીનગર, તા.૩૦

રાજયભરમાં જી એમ ઈ આરએસ સંચાલિત હોસ્પિટલમાં નજીકના ભવિષ્યમાં અંદાજે ૯૦૦ થી પણ વધુ નર્સિંગ સ્ટાફની ભરતી પ્રક્રિયા હાથ ધરાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલને પણ અંદાજે ૧૫૦ થી વધુ નર્સિંગ સ્ટાફ મળશે.

રાજયભરમાં જી એમ ઈ આરએસ સંચાલિત ગાંધીનગર, સોલા, વડોદરા, વલસાડ, જુનાગઢ, પાટણ, વડનગર અને હિંમતનગરની હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફનું મહેકમ ઓછું હોવાથી સ્ટાફના કર્મચારીઓ પર કામનું ભારણ વધુ રહેતું હતું તેમજ અન્ય ખુટતો નર્સિંગ સ્ટાફ ખાનગી એજન્સી દ્વારા ભરતી કરવામાં આવ્યો છે. ત્યારે ગાંધીનગર હોસ્પિટલ મેડીકલ કોલેજ સંચાલિત હોવાથી આરોગ્યલક્ષી સેવામાં પણ વધારો થવા પામ્યો છે. રોજના હજજારો વિવિધ રોગના દર્દીઓ સારવાર અર્થે આવે છે. મેડીકલ કોલેજને પગલે હોસ્પિટલ ૬૫૦ પથારીની બનતા મહેકમની અછત સર્જાઈ રહી છે. હોસ્પિટલમાં અંદાજે ૩૦૯ નર્સિંગ સ્ટાફનું મહેકમની સામે માત્ર ૧૪૧ કર્મચારીઓ ફરજ બજાવે છે. જેમાં ૯૯ નર્સિંગ સ્ટાફ જીએમઈઆરએસમાં તેમજ ૯૯ સરકારી હોસ્પિટલમાં કાયમી ધોરણે ફરજ બજાવે છે. જયારે હોસ્પિટલમાં ૧૬૮ નર્સિંગનું મહેકમ ઓછુ હોવાથી કર્મચારીઓ પર કામનું ભારણ વધી જવા પામે છે. ત્યારે તાજેતરમાં નર્સિંગ સ્ટાફની પરિક્ષા યોજાઈ હતી જેમાં પાસ થયેલા ઉમેદવારોને નજીકના ભવિષ્યમાં નોકરી મળે તેવા અણસાર દેખાઈ રહ્યા છે. ત્યારે જીએમઈઆરએસ સંચાલિત તમામ હોસ્પિટલમાં અંદાજે ૯૦૦ થી વધુ નર્સિંગ સ્ટાફની ભરતી પ્રક્રિયા નજીકના ભવિષ્યમાં હાથ ધરાય તેવી શકયતા પ્રબળ બની જવા પામી છે.ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલને પણ અંદાજે ૧૫૦ થી વધુ નર્સિંગ સ્ટાફ મળી રહે તેવી આશંકા સેવાઈ રહી છે.

વિશ્વ બાળ મજુરી વિરોધી દિન નિમિતે જનજાગૃતિ રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

ચિલોડા જંકશન ખાતે વિશ્વ બાળ મજુરી વિરોધી દિનની ઉજવણી નિમિતે રેલીનું આયોજન કર્યું હતું. જેમાં બાળ મજુરી અને બાળકોના અધિકારો સહિતના વિષય પર વિસ્તૃત માહિતી બાળકોને પુરી પાડવામાં આવી હતી. આ રેલી ચિલોડા ગામના વિવિધ માર્ગો પર ફરી હતી જેમાં મોટીસંખ્યામાં ભાઈ બહેનો જોડાયા હતા.

ચિલોડા ગામની શાળાના પટાંગણમાંથી બાળકોની રેલીને ગામના સરપંચે ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. રેલીમાં બાળકો પ્લેકાર્ડ અને પોસ્ટર સાથે જોડાયા હતા.રેલી ગામના મુખ્ય માર્ગો પર પરિભ્રમણ કર્યુ હતું. વિશ્વ બાળ મજુરી વિરોધી દિન નિમિતે યોજાયેલ રેલીમાં ગામના આગેવાનો, મહાનુભાવો, પેરાલીગલ વોલિન્ટર્સ, ચાઈલ્ડ લાઈન સ્ટાફ સહિત આંગણવાડીની બહેનો જોડાઈ હતી.બાળકોના અધિકારોની રક્ષા કરવા અને બાળ મજુરી નાબુદી અંગે જાગૃતતા દાખવવા અંગે અભિયાન રુપે યોજાઈ હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન ચીનુભાઈ પરમારે કર્યું હતું.

ગાંધીનગર હોસ્પિટલના ત્રણ કર્મચારીઓનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા વર્ગ-૪ ના ૩ કર્મચારીઓનો વિદાય સમારોહ નવી બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફલોર ખાતે આવેલ કેન્ટીનમાં યોજાયો હતો. આ કર્મચારીઓએ પોતાની જીંદગીના ૩૦ થી વધુ વર્ષ હોસ્પિટલમાં દર્દીઓની સેવામાં વિતાવ્યા છે. ત્યારે વય નિવૃત થતા કર્મચારીઓને વિદાય આપતા સાથી કર્મચારીઓની આંખ પણ ભીની થઈ ગઈ હતી. આ વિદાય સમારોહ પ્રસંગે સિવિલના સતાધિશો, ડોકટર, અધિકારી-કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૩૦ વર્ષથી વધુ સમયથી વર્ગ-૪ ના કર્મચારી તરીકે લીફટમેન, ડ્રાઈવર તેમજ વોર્ડમાં કામગીરી કરતા મહિલા કર્મચારી ફરજ બજાવતા હતા. સિવિલમાં હંમેશા દર્દીઓની સેવામાં જ અગ્રેસર રહેતા કર્મચારીઓની સેવાને હોસ્પિટલના અધિકારીઓએ બિરદાવી હતી. તેઓનું બાકીનું જીવન સુખમય નિરોગી નિવડે તેવી શુભેચ્છા સાથી કર્મચારીઓએ પાઠવી હતી. જયારે કર્મચારીઓને સ્ટાફ તરફથી શુકનનું શ્રીફળ અને સાકર આપવામાં આવી હતી. જયારે અધિકારી-કર્મચારીઓએ પુષ્પગુંચ્છ અને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જયારે પોતાના સાથી કર્મચારીઓથી છુટા પડતા ૩ કર્મચારીઓના આંખમાં પણ ઝળઝળીયા આવી ગયા હતા. તેઓએ હંમેશા સિવિલ અને તેમની યાદ તેઓને આવશે તેમ જણાવ્યું હતું.

પ્રદેશ ભાજપાનો 'સોશીયલ મીડીયા વર્ગ' ૨ જુલાઈએ યોજાશે

પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યુ હતુ કે આગામી ૨ જુલાઈને શનિવારે પ્રદેશ ભાજપા દ્વારા પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીના નિર્દેશ મુજબ, પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા અને પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યાની ઉપસ્થિતિમાં 'સોશીયલ મીડીયા વર્ગ' યોજાશે.

પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે સવારે ૧૧.૦૦ કલાકે યોજાનારી આ બેઠકમાં જિલ્લા/મહાનગરના આઈ.ટી.સેલના કન્વીનર-સહ કન્વીનર તેમજ રાજ્યની પ્રત્યેક વિધાનસભા દીઠ બે કાર્યકર્તાઓ અને પ્રદેશ કક્ષાએ કાર્યરત આઈ.ટી. સેલના કાર્યકરો સહિત અંદાજીત ૪૦૦થી વધુ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે. આ વર્ગમાં પક્ષના કાર્યક્રમો, કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ-કામગીરી લોકો સુધી લઈ જવા તેમજ કોંગ્રેસ સહિત વિરોધ પક્ષના જુઠ્ઠાણાઓ સામે સોશીયલ મીડીયાના અસરકારક અને પ્રભાવી ઉપયોગ માટે માર્ગદર્શન આપવામાં આવશે.

પંડ્યાએ જણાવ્યું હતું કે, આગામી તા. ૪-૫ જુલાઈએ કર્ણાવતી ખાતે યોજાનાર લોકસભા-રાજ્યસભાના સંસદસભ્યોની બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણી, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, પૂર્વ નાયબ વડાપ્રધાન અને ગાંધીનગર લોકસભાના સાંસદ લાલકૃષ્ણ અડવાણીજી, પ્રદેશ પ્રભારી ડૉ. દિનેશજી શર્મા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી. સતીષજી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. જેમાં સંસદસભ્યોના કાર્યક્રમ, પ્રવાસ, આદર્શ ગ્રામ યોજના ગ્રાન્ટ, વિકાસ ગૌરવ યાત્રાની ફળશ્રુતિ તેમજ આગામી સમયમાં તેમના ક્ષેત્રમાં વિકાસ અને પક્ષની કામગીરી અંગે ચર્ચા વિચારણા હાથ ધરાશે.